R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad જurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 48 DATE: 02-12-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## વિરોધ પ્રદર્શનો કે આંદોલનો દરમિયાન મિલકતોના નુકશાન માટે જવાબદારી નક્કી કરવા સુપ્રીમ કોર્ટનો અનુરોધ

આંદોલનો અને જાહેર વિરોધ પ્રદર્શનો દરમિયાન જીવન અને જાહેર સંપત્તિના નુકશાન મામલે ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે તોડફોડની જવાબદારી નક્કી કરવા અને આવા હિંસક વિરોધના પીડીતોને વળતર આપવા માટે દરેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અદાલતો ઊભી કરવા કેન્દ્રને સુચના આપી છે.

સુપ્રીમે કેન્દ્રને સલાહ આપી છે કે સબંધિત હાઈકોર્ટો સાથે મસલત કરીને ક કે વધુ જિલ્લા જજોની આવા હાનિકારક કૃત્યો માટે જવાબદારોની નાગરિક જવાબદારીઓ નક્કી કરવા અને તેમની સામે કામ ચલાવવાની જવાબદારી સોપવી જોઈએ.સુપ્રીમે જાહેર કે ખાનગી મિલકતોના નુકશાનમાં સામેલ લોકો સાથે સબંધ ધરાવતા આવા સંગઠનો અથવા રાજકીય પક્ષોના નેતાઓ સામે ગુનાઈત પગલાંની પણ તરફેણ કરી છે.

જસ્ટીસ આદર્શકુમાર ગોએલ અને યુ.યુ.લલિતની બેન્ચે જણાવ્યુ હતું કે સુપ્રીમ ૨૦૦૯માં માર્ગરેખાઓ બનાવી હતી.જેમાં આવા આંદોલનોની વીડીયોગ્રાફી પણ સામેલ કરાઈ હતી.પરંતુ આવા વળતર નક્કી કરવા માટે કોઈ માળખું નથી.બેન્ચે ઉમેર્યુ હતું કે જીવન અને મિલ્કતોના નુકશાનમાં પરિણમતા આંદોલનો હવે અવારનવાર થવા લાગ્યા છે.જો તે મામલે સુપ્રીમ કે હાઈકોર્ટમાં લઈ જવાશે તો તે મુશ્કેલ બની જશે.આવી ઘટનાઓ માટે લોકો પોતાની ફરિયાદ કરી શકે ને કાયદા મુજબ તેનો ઉપચારમાંગી શકે તેવું ફોરમ જરુરી છે.કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે બંધારણમાં લોકોને મુક્તપણે એકત્ર થઈને શાંતિપુર્ણ વિરોધ કરવા માટેનો અધિકાર અપાયો છે. પરંતુ કોઈનું જીવન અને મિલ્કતના નુકશાન થાય તેવા હિંસક વિરોધની આઝાદી નથી.આમ્ જે લોકો શાંતિ ન જાળવે તેમને જવાબદાર ઠેરવીને જે લોકોએ વેઠ્યું છે તેમને વળતર મળવુ જોઈએ

દેશભરમાં વિવિધ બાબતોને લઈને આંદોલનો અને વિરોધ પ્રદર્શનો થતાં રહે છે.મોટાભાગના રાજકીય પક્ષો કે સંગઠનો આવા આંદોલનો અને પ્રદર્શનો કરતાં હોય છે.પરિણામે જાહેર મિલ્કતને નિશાન બનાવાય છે સરકારી ઓફીસો,બસ સ્ટેન્ડો, સરકારી બસો,જેવી અનેક મિલક્તોને લાખો રુપીયાનું નુકશાન પહોચે છે.અને આખરે પ્રજાનું અને દેશનું નુકશાન થાય છે પરંતુ આ બાબતે કોઈના સમજમાં આવતી નથી.

## ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહાએ વડાપ્રધાન માટે ચાયવાલા શબ્દનો પ્રયોગ કર્યો

ભાજપાના કોઈપણ નેતા વિરુધ્ધની ટીપ્પણી કે કોઈપણ જાતનો શબ્દ પ્રયોગ કરવામાં આવે ત્યારે વિશેષ ફોર્સ તેની સામે હોબાળો મચાવે કે પછી સોશ્યલ મીડીયામાં તેની મજાક ઉડાવે કે પછી તેમની સામે કોર્ટમાં વિવિધ જગ્યાઓ પર કેસો ઠોકી બેસાડી દેવામાં આવે. પરંતુ તેઓ કોઈની ગમે તેવી ટિપ્પણી કરવાને હકદાર છે તેવી માન્યતા તેઓ ધરાવે છે.

હાલમાં સીનીયર ભાજપી નેતા અને સાંસદ શત્રુઘ્નસિંહાએ યુવા કોગ્રેસના ઓનલાઈન મેગેઝીનના એક કટાક્ષ ચિત્રમાં પીએમ મોદી માટે ચાયવાલા શબ્દ ઉપયોગમાં લેવાયો ત્યારે ભાજપ અને ભાજપના સમર્થકો દ્વાર ભારે હોબાળો મચાવાયો હતો.પરંતુ ફરીથી એકવાર ચાયવાલા શબ્દનો પ્ર્યોગ ભાજપના નેતા શત્રુઘ્નસિંહા દ્વારા જ કરવામાં આવ્યો છે.સિંહાએ ટિપ્પણીમાં સ્મૃતિ ઈરાની અને અરુણ જેટલીને પણ છોડ્યા નહોતા. એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સિંહાએ કહ્યુ હતું કે જો વકીલબાબુ અર્થતંત્ર વિશે બોલી શકે, જો ટીવી એકટ્રેસદેશના એચઆરડી મંત્રી બની શકે અને જો ચાયવાલા પીએમ બની શકે તો .. હુ આ વાક્ય પુરુ નહી કરુ પણ શા માટે હું શા માટે અર્થતંત્ર પર બોલી ના શકું. આ જ સપ્તાહમાં જ અગાઉ કોગ્રેસ ત્યારે વિમાસણમાં મુકાઈ હતી જ્યારે તેની પાંખ દ્વારા મીમ શબ્દ દ્વારા પીએમ મોદીની મજાક ઉડાવવાની કોશીશ થઈ હતી.

## મુંબઇ હાઇકોર્ટે શિવસેનાના ધારાસભ્ય અને મહારાષ્ટ્ર યુતિ સરકારમાં મંત્રી બનેલા અર્જુન ખોટકરની ચુંટણી રદ જાહેર કરી

બોમ્બે હાઈકોર્ટે શિવસેનાના ધારાસભ્ય અને મહારાષ્ટ્રના યુતિ સરકારમાં મંત્રી અર્જુન ખોટકરની ૨૦૧૪માં થયેલી ચુંટણી રદ જાહેર કરી છે.હાઈકોર્ટે કહ્યુ હતું કે તેમણે જે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું તે તેની નિશ્ચિત સમયમર્યાદા પછી ભરવામાં આવ્યું હુતં. આ કારણસર તેમની ચુંટણી રદ કરવામાં આવી છે. ખોટકર મહારાષ્ટ્ર સરકારમાં કાપડ,ડેરી મંત્રી તરીકે હાલમાં સેવાઓ આપી રહ્યા છે.તેમની વિરુધ્ધ કોગ્રેસના કૈલાશ ગૌરાન્ત્યાલે અરજી કરી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## મેડીકલમાં ગેરકાયદે પ્રવેશ સામે ૧૫૦ વિદ્યાર્થીઓને રુ.૧૦-૧૦ લાખ આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ



લખનૌની એક મેડિકલ કોલેજે ૧૫૦ વિદ્યાર્થીઓને ગેરકાયદેસર પ્રવેશ આપ્યો હતો.હવે સુપ્રીમ કોર્ટે આ કોલેજને આદેશ કર્યો છે કે આ દરેક વિદ્યાર્થીને રુ.૧૦-૧૦લાખ વળતર પેટે કોલેજે ચુકવવાના રહેશે.ગેરકાયદેસર પ્રવેશને મંજુરી આપવા બદલ અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચની પણ સુપ્રીમ કોર્ટે આકરી ઝાટકણી કાઢી છે.

સુપ્રીમ કોર્ટે કોલેજને વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ ફી પેટે લીધેલી રકમ રિફંટ કરવાનો આદેશ કર્યો છે.અને ૨૫ લાખ રુપીયાનો દંડ પણ ફટકાર્યો છે.સુપ્રીમ કોર્ટની રજીસ્ટ્રીમાં આ રકમ જમા કરાવવાની રહેશે. આગામી ૨૦૧૮-૧૯ના વર્ષમાં પણ આ કોલેજને એકપણ વિદ્યાર્થીને એડમિશન આપવા પર પ્રતિબંધ મુકી દીધો છે.

અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચે આ વિદ્યાર્થીઓને પ્રવેશની મંજુરી આપી તે બદલ ઉઘડો લઈનો ચીફ જસ્ટીસ દીપક મિશ્રા અનો જસ્ટીસ એ.એમ.ખાનવિલકર તથા જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે કહ્યુ હતું કે આ ન્યાયિક અશિસ્ત અને અયોગ્યતા દર્શાવી છે.મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા વતી હજાર રહેલા સીનીયર એડવોકેટ વિકાસ સિંહ અને વકીલ ગૌરવ શર્માએ કહ્યુ હતું કે હાઈકોર્ટે મંજુરી આપી હતી.કોલેજ પાસે તો કેન્દ્ર તરફથી આવી કોઈપણ મંજુરી ન હતી.વળી, કોલેજ પાસે ઈન્ફાસ્ટ્રકચર,ક્લિનિકલ મટીરીયલ અને ફેકલ્ટી પણ પુરતા પ્રમાણમાં નહતા. એટલું જ નહી, હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના જ આ અંગેના વચગાળાના આદેશની પણ અવગણના કરી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યુ કે હાઈકોર્ટની બેન્ચે એક પ્રકારે સુપ્રીમ કોર્ટના આદેશને ધોળી પી ગઈ છે અને તમામ નિયમોનો ભંગ કર્યો છે.આ ખુબજ દુર્ભાગ્યપુર્ણ છે. જેને કારણે સંસ્થાગત સમસ્યા ઊભી થઈ શકે છે.કોલેજ વતી હાજર રહેલા સીનીયર એડવોકેટ રાજીવ ધવને કહ્યુ કે હાઈકોર્ટના ખોટા ચુકાદાની સજા કોલેજ ને ન મળવી જોઈએ. જો કે બેન્ચે આ દલીલ ફગાવી દીધી હતી.

પ્રસાદ એજ્યુકેશન ટ્રસ્ટ,લખનૌ કોલેજની તરફેણમાં ચુકાદો આપવા બદલ સીબીઆઈએ તાજેતરમાં ઓરિસ્સા હાઈકોર્ટના નિવૃત જજ આઈએમ કુદુસીની ધરપકડ કરી હતી. તેઓ અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટમાં સેવા આપી ચુક્યા હતા.મેડીકલ કાઉન્સીલે આ કોલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પ્ર પ્રતિબંધ મુક્યો હતો. તેની ઉપરવટ જવા માટે વચેટીયાઓની મદદથી કોલેજ અને જજ વચ્ચે સાંઠગાઠ થઈ ગઈ અને આ ચુકાદો કોલેજની તરફેણમાં આવ્યો.કુદુસીએ કોલેજના સ્થાપકોને એવું કહ્યુ હતું કે તેઓ લીગલ ગાઈડન્સ આપશે અને સુપ્રીમ કોર્ટમાંથી પણ તેમની તરફેણમાં ચુકાદો લાવી આપશે.

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટમાં પણ ભ્રષ્ટાચાર આદરીને ચુકાદાઓ મેળવી શકાય છે તે ઉપર આ આદેશથી મહોર મારી છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

કેન્દ્ર સરકારે અગાઉ કતલ કરવાના હેતુથી પશુઓના જાહેર બજારમાં વેચાણ પર પ્રતિબંધ મુક્યો હતો ત્યારથી જ એ નક્કી હતું કે સરકાર પોતાના ઈરાદામાં ભારે ઉતાવળ કરી છે.જે પ્રકારે નોટબંધીમાં રોજ રોજ નવા ફતવા બહાર પડતા રહ્યા અને પ્રજા મુશ્કેલી અનુભવતી રહી.કોઈપણ વ્યવસ્થાને સુચારુ બનાવવા માટે તેમાં યોગ્ય વિચાર અને સમજ જરુરી છે. ઉતાવળે કરેલા નિર્ણયોમાં જ્યારે પીછેહઠ કરવી પડે છે ત્યારે નિર્ણયો લેવામાં કરાયેલી ભુલો માટે તંત્રમાં બેઠેલા લોકો માટે આપણને શરમ અનુભવીએ છીએ.

મોદી સરકાર તથા ભાજપ અને તેના કેસરીયા છાવણીના સાથીદારો આ પ્રતિબંધ દ્વારા રાજકીય લાભ મેળવવાની ઉતાવળમાં ઘણા મુદ્દા વિશે વિચારવાનું જ ભુલી ગયા.પશુઓના હિતમાં કહેવાતા પ્રતિબંધને કારણે છેવટે પશુપાલકો મુશ્કેલીમાં મુકાઈ જશે અને તેની અસરો ઘણી વ્યાપક પડશે તેની જાણકારી તેમને નહોતી.ખેડુતો ઘરડાં અને અશક્ત થઈ ગયેલા પશુઓ કે વસુકી ગયેલાં દુધાળા ઢોર વેચી દેતા હતા અને તેની આવકમાંથી નવા ઢોર ખરીદતા હતા.સરકારી પ્રતિબંધને કારણે પશુ વેચાણનું આ ચક્ર અટકી પડતાં ખેડુતો મુશ્કેલીમાં મુકાયા.પ્રચાર વેજીટેરીયનનો ગમે તેટલો થતો હોય પરંતુ દેશની બહુ મોટી સંખ્યાની પ્રજા માંસાહારી છે. અને તેમના મનપસંદ ખાવાના ખોરાક ના અધિકાર પર આ આડકતરી રીતે તરાપ મારવામાં આવી હતી.આ કારણે અનેકોની લાગણીઓ ઘવાઈ હતી.મિઝોરામ,ગોવા તેમજ અન્ય કેટલાક રાજ્યોમાં ભાજપના નેતાઓજ વિરોધ કર્યો હતો.પશુઓના જતન કે કતલ અંગેના નીતી નિયમો રાજયની કામગીરીમાં આવે છે તેનો છેદ ઉડાડી દેવાયો.ભારત માંસની નિકાસમાં મોટું હુડિયામણ મેળવે છે તે કાયદેસરના કતલખાનાઓ તેમજ અન્ય બનાવટો પર લાખો લોકો રોજગારી મેળવે છે.સરકારે તમામ લોકોને તકલીફો આપી અને અંતે નિર્ણય પાછો ઠેલીને પોતાની મુર્ખતા સાબિત કરી નાંખી


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨


## નેશનલ પ્રેસ ડે નિમિત્તે વડાપ્રધાને મીડીયાની સ્વતંત્રતા માટે તેમની સરકાર પ્રતિબધ્ધતા બતાવી

રાષ્ટ્રીય પત્રકારિતા દિવસ નિમિત્તે મીડીયા જગતને શુભેચ્છા પાઠવતાં વડા પ્રધાન મોદીએ જણાવ્યુ હતું કે પ્રેસની સ્વતંત્રતા દેશની ધબકતી લોકશાહીનો પાયાનો પથ્થર છે. મીડીયાની સ્વતંત્રતા માટે મારી સરકાર સંપુર્ણ પ્રતિબધ્ધછે.અમે મીડીયાની સ્વતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના તમામ સ્વરુપની જાળવણી કરવા સુસજ્જ છીએ. મીડીયાએ ૧૨૫ કરકોડ ભારતીયોની કુશળતા,શક્તિ અને રચનાત્મકતાને વધુ સ્થાન આપવું જોઇએ. વડાપ્રધાને મીડીયાની આકરી મહેનતની પ્રશંસા કરતાં જણાવ્યુ હતું કે રિપોર્ટર અને કેમેરામેન અથાક પરિશ્રમ કરી રાષ્ટ્રીય અને વૈશ્વિક ઘટનાક્રમને આકાર આપતા વિવિધ સમાચારો પ્રસ્તુત કરે છે.

૧૯૬૬માં ૧૬મી નવેમ્બરે પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની સ્થાપના કરાઇ હતી. ત્યારથી ૧૬મી નવેમ્બરને નેશનલ પ્રેસ ડે તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાને સમાજના નબળા વર્ગનો અવાજ ઉઠાવવામાં પત્રકારોની કામગીરી બિરદાવી હતી. તેમણે જણાવ્યુ હતું કે નેશનલ પ્રેસ ડે નિમિત્તે હું તમામ મીડીયા કર્મીઓને શુભેચ્છા પાઠવું છું.

સ્વચ્છ ભારતના સંદેશને જનતા સુધી પહોંચાડવામાં મીડીયાની ભુમિકા ની પ્રશંસા કરતાં મોદીએ જણાવ્યુ હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં મીડીયાએ સ્વચ્છ ભારત અભિયાનને મજબુતાઈ આપી છે.સ્વચ્છતાના સંદેશને આગળ વધારવામાં મદદ કરી છે.સોશિયલ મીડીયાના



આધુનિકરણ અને સમાચારોમાં તેનો ઉપયોગ મીડીયાને વદુ લોકતાંત્રિક બનાવશે અને જાહેર જીવનમાં ભાગીદારી વધારશે. ભુતકાળનાં મીડીયાને સેન્સર કરવાના સરકાર પર આરોપો મુકાયા છે.વડાપ્રધાને કહ્યુ કે સરકાર અભિવ્યક્તિની સ્વતંત્રતાની જાળવણી કરશે.

## સરકાર સંસદની તાળાબંધી કરી જવાબદારીમાંથી છટકી શકે નહીં : સોનિયા ગાંધી કોંગ્રેસ પ્રમુખ



કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદીને સંસદના શિયાળુ સત્ર મુદ્દે ઘેર્યા હતા. સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે મોદીમાં વિરોધીઓનો સામનો કરવાની હિંમત નથી.તેઓ વાહિયાત કારણોસર સંસદના શિયાળુ સત્રનું ગળુ ટુંપી રહ્યા છે.ઘમંડી બનેલી સરકારે ભારતની સંસદનું શિયાળુ સત્ર ટુંકાવીને સંસદીય લોકશાહી પર કાળો ઓછાયો પાથરી દીધો છે.વિધાનસભાની ચુંટણી પહેલાં લોકશાહીનાં મંદિરને તાળાબંધી કરીને બંધારણીય જવાબદારીમાંથી છટકી શકાશે એમ માનવું સરકારની ભુલ છે.

સોનિયા ગાંધીએ આરોપ મુક્યો હતો કે સરકાર ગરીબોના ભાવીનો નાશ કરીને મુઠ્ઠીભર લોકોનું ભવિષ્ય બનાવી રહી છે. બેરોજગારી, મોંઘવારી,નિકાસમાં ઘટાડો અને જીએસટી કરોડો ભારતીયોને પીડા આપી રહ્યા છે.નોટબંધીએ ખેડુતો, નાના વેપારીઓ,રોજમદારો અને ગૃહીણીઓના ઘા પર મીઠુ ભભરાવ્યા સિવાય બીજુ કશું નથી.

## કોંગ્રેસના આક્ષેપોને પાયા વિહોણા ગણાવતા કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલી



કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીએ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી ના આક્ષેપોનો જવાબ આપતાં કહ્યુ હતું કે તેઓના આરોપો પાયાવિહોણા છે. આ એક પરંપરા રહી છે અને ભુતકાળમાં પણ ઘણી વાર ચુંટણી યોજાઈ રહી હોય ત્યારે સંસદના સત્રના સમયમાં બદલાવ કરાયા છે. જો કે જેટલીએ સરકારના પગલાંનો બચાવ કરતાં પરંપરાનો ઉપયોગ કર્યો છે.વિપક્ષોના હુમલાને ખાળવા માટે સરકાર તૈયાર હોય છે.

## ભારત સરકાર કાબેલ નથી અને તેઓ સરકારના કામોથી ખુશ નથી પરંતુ આશાવાદી છે :બિલ ગેટ્સ

વિશ્વના બીજા ક્રમના ધનવાન અને માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સ શિક્ષણ અને આરોગ્યના મોરચે ભારત સરકાર દ્વારા થયેલા કાર્યોથી ખુશ નથી.પરંતુ ભારત માટે તેઓ આશાવાદી છે. તેમણે કહ્યુ હતું કે ભારત સરકાર પુરેપુરી રીતે કાબેલ નથી તે હકીકત છે. પરંતુ કેટલાક સારા કામ પણ થયા છે.બિલ ગેટ્સની ગિવિંગ પ્લેજ પહેલમાં ઈન્ફોસિસના ચેરમેન નંદન નીલેકણી અને તેમના પત્ની રોહીણીને સાઈન કરવામાં આવ્યા હતા.તેમણે પોતાની અડધી સંપત્તિ દાનમાં આપવાની જાહેરાત કરી છે.

ભારત સરકાર વિશે પુછાયેલા સવાલના જવાબમાં બિલ ગેટ્સે કહ્યુ કે ગ્લાસ અડધો ભરાયેલો છે. બધા કહે છે કે સરકાર કાંઈ કરી શકતી નથી.આવું કહેવું સરળ છે. સરકાર પુરેપુરી કાબેલ નથી પરંતુ સારા કામ પણ થયા છે.

દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯

## મુડીઝના રેટિંગ છતાં અર્થતંત્ર હજુ સમસ્યાથી મુક્ત થયું નથી : માજી વડાપ્રધાન મનમોહનસિંહ

મુડીઝ દ્વારા રેટિંગમાં સુધારો થતાં ઉત્સાહમાં આવી ગયેલી મોદી સરકારને લાલ બત્તી બતાવતાં પુર્વ વડાપ્રધાન અને નાણાંમંત્રી મનમોહનસિંહે જણાવ્યુ હતું કે અર્થતંત્ર સમસ્યાઓમાંથી બહાર આવી ગયું છે તેવી ખોટી માન્યતામાં સરકારે ભરમાઇ જવું નહીં. મને આનંદ છે કે મુડીઝે ભારતનું રેટીંગ વધાર્યુ છે પરંતુ આપણે ખુશ થઇ જવાની જરુર નથી.મને લાગે છે કે આપણું અર્થતંત્ર સમસ્યાઓમાંથી બહાર આવી ગયું છે તેવી ખોટી માન્યતાથી ભરમાઇ જવાની જરુર નથી.

મેક્રોઇકોનોમિક્સ ડેવલપમેન્ટસ ઇન ઇન્ડીયા પર રાષ્ટ્રીય સેમિનારને સંબોધન કરતાં પુર્વ વડા પ્રધાને જણાવ્યું હતું કે સરકાર કહે છે કે તે દેશના અર્થતંત્રનો વૃધ્ધિદર ૮ થી ૧૦ ટકા પર લઇ જવા માંગે છે. પરંતું તે માટે અર્થતંત્રને આગળ વધારવા મજબુત અને હેતુપુર્વકના માર્ગદર્શનની જરુર છે.ક્રુડ તેલની વધી રહેલી કિંમતો આર્થિક વ્યવસ્થાને નુકશાન પહોંચાડશે. થોડા મહિના પહેલાં ક્રુડનો ભાવ ૪૦-૫૦ ડોલર હતો જે હવે વધીને ૬૨-૬૪ ડોલર પ્રતિ બેરલ થઇ ગયો છે તેને કારણે ચુકવણીનું સંતુલન ખોરવાઇ જશે અને સમગ્ર અર્થતંત્રને નુકશાન થશે.

મનમોહનસિંહે જણાવ્યુ હતું કે કાળા નાંણાના દુષણને ડામવાના રેડિમેડ જવાબો મારી પાસે નથી. પરંતુ નોટબંધી ચોક્કસપણે કાળા નાંણાનો જવાબ નહોતો.કાળા નાંણાના દુષણને ડામવા માટે કર-માળખા,જમીનની નોંધણી, અને વહીવટીતંત્રને સરળ બનાવવા જોઇએ.

કાળા નાંણાને ડામવાના નોટબંધીની નિષ્ફળતા પર મનમોહને જણાવ્યુ હતું કે મોટા પ્રમાણમાં કાળુ નાંણું ચલણી નોટોમાં સંગ્રહાયેલુ હોતું નથી.સ્ટીડીઝ દર્શાવે છે કે ફક્ત ૬ ટકા કાળુ નાંણુ ચલણી નોટોના સ્વરુપે હોય છે.નોટબંધીને કારણે ખેડુતો,નાના વેપારી,લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ઘણી પરેશાની થઇ છે.રોકડનું ગૌરવ હણાયું છે. નોટબંધીને કારણે આર્થિક વૃધ્ધિનો દર ૭.૩ ટકાથી ૫.૭ ટકા પર પહોંચી ગયો છે.તેમણે જણાવ્યુ હતું કે કોંગ્રેસ જીએસટીનું સર્મથન કરે છે પરંતુ જે રીતે તેનો અમલ થયો છે તેની સાથે સંમત નથી.કોંગ્રેસ પહેલેથી જીએસટીની સમર્થક રહી છે.પરંતુ અમે જીએસટીનો અમલ પુરતી કાળજી અને તૈયારી સાથે કર્યો હોત, મોટા મોટા વચનો સાથે સત્તામાં



આવેલો ભાજપ તેના અમલમાં નિષ્ફળ રહ્યો છે.

કોંગ્રેસના પ્રવક્તા સુરજેવાલાએ જણાવ્યુ હતું કે મોદી, અને મુડીઝ દેશનો મુડ પારખવામાં નિષ્ફળ ગયા છે.ભાજપ તેની ગુમાવેલી વિશ્વસનીયતા પાછી મેળવવા ધમપછાડા કરી રહ્યો છે દેશની વાસ્તવિકતા કરતાં વિપરિત અહેવાલો વિદેશી સંસ્થાઓ તરફથી આવી રહ્યા છે.

સીપીએમના નેતા યેચુરીએ જણાવ્યુ હતું કે મુડીઝના સુધારેલા રેટિંગથી હરખાવા જેવું કશું નથી. સરકાર રેટિંગ દ્વારા એમ બતાવવા માંગે છે કે દેશનો વિકાસ થઇ રહ્યો છે પરંતુ આ રેટિંગ શેના માટે ? આ રેટિંગ એમ કહે છે કે ઊદ્યોગપતિઓને જ વધુ લાભ થશે.

## ભાજપના ૨૨ વર્ષના શાસનમાં ગુજરાત વિકાસમાં પછાત રહી ગયું : ચિદમ્બરમ માજી મંત્રી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને માજી મંત્રી પી. ચિદમ્બરમે ગુજરાતના વિકાસ મોડલને ફગાવી દેતાં જણાવ્યુ હતું કે ભાજપના બાવીસ વર્ષના શાસનમાં ગુજરાતે વિકાસના મામલે પીછેહઠ કરી છે.તેમણે કહ્યુ હતું કે કર્ણાટક,તામિલનાડુ,કેરળ અને મહારાષ્ટ્રના વિકાસના આંકડાઓ જોતાં ગુજરાત વિકાસના મામલે પછાત રહી ગયું છે.તેમણે કરેલા સંખ્યાબંધ ટ્વિટમાં તેમણે કહ્યુ હતું કે ગુજરાતના આંકડા દર્શાવે છે કે દાવાઓ છતાં ગુજરાત તેની સરખામણી થઇ શકે તેવા ચાર રાજ્યોની તુલનામાં પાછળ છે.ગુજરાતે ભલે ઔદ્યોગિક વિકાસ કર્યો હોય પરંતુ માનવીય વિકાસના મહત્વના ક્ષેત્રોમાં છેલ્લા ૨૨ વર્ષમાં ગુજરાત પછાત બન્યુ છે. તેમણે વધુમાં કહ્યુ હતું કે મોદી સરકારના ૪૨ મહિનાના શાસન બાદ પણ ચારેતરફ હતાશા પ્રવર્તી રહી છે.મોદી ૨૦૧૪માં અચ્છે દિનના વાયદા સાથે રાજકારણમાં વિકાસને કેન્દ્ર સ્થાને લઇ આવ્યા હતા. ગુજરાતની આર્થિક સફળતાનો શ્રેય ગુજરાતી લોકોને જાય છે. ૧૯૯૫ કરતાં પણ પહેલેથી ગુજરાત રાષ્ટ્રીય વિકાસની સરેરાશમાં અગ્રેસર રાજ્ય હતું.ચિદમ્બરમે જણાવ્યુ હતું કે વિકાસની વિનાશકારી વ્યાખ્યાના કારણે ગુજરાતમાં સમાજના ઘણા વર્ગ પછાત રહી ગયા છે.

## ફિલ્મ નિર્માતાઓ અને લેખકોની સ્વતંત્રતા પર રોક લગાવી શકાય નહી : સુપ્રીમ કોર્ટ

સંજય લીલા ભણસાલીની નવી ફિલ્મ પદ્માવતી સામે દેશભરમાં ચાલી રહેલા વિરોધ બાબતે સુપ્રીમ કોર્ટે એક નોંધપાત્ર ચુકાદામાં જણાવ્યુ હતું કે ફિલ્મ નિર્માતાઓ અને લેખકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની પરવાનગી આપવી જોઇએ. તેમના પર રોક લગાવી શકાય નહીં.દલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પરની ફિલ્મ ઇનસિગ્નિફિકન્ટ મેનના પ્રદર્શનને અટકાવવાની માંગ કરતી પીટીશન નકારી કાઢતાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે દરેક રચનાત્મક લોકોને તેમની ફિલ્મો અને નાટકોના નિર્માણમાં પોતાના કામનો આનંદ લેવાનો અધિકાર છે. કેજરીવાલની ફિલ્મ ૧૭મી નવેમ્બરે રીલીઝ થવાની હતી.મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાની બેન્ચે આ ફિલ્મ અટકાવવાની માંગણી નકારી કાઢી હતી.અને જણાવ્યુ હતું કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણ હોઇ શકે નહીં તેથી અદાલતોએ પ્રતિબંધાત્મક આદેશો આપવામાં ઉતાવળ કરવી જોઇએ નહીં.

પદ્માવતીનો વિવાદ ચરમસીમા પર છે.રાજસ્થાનમાં એક રાજપુત નેતાએ જાહેરાત કરી છે કે ભણસાલીનું શીર કાપી લાવનારને પાચ કરોડ રુપીયાનું ઇનામ અપાશે.તેમજ આ ફિલ્મની અભિનેત્રી દિપીકા પર હુમલો કરવાની ધમકી અપાઇ છે.હવે આવી ધમકીઓ સામે સુપ્રીમ કોર્ટે યોગ્ય દિશા સુચન આપવા જોઇએ જ નહિતર બંધારણીય અધિકારોનું જતન થઇ શકશે નહીં.

## પદ્માવતી ફિલ્મના વિવાદમાં અનેક લોકોએ ઝુકાવ્યુ તેમાં કેટલીક રાજ્ય સરકારોએ પણ લાભ લેવા પ્રયત્ન કર્યો

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યુ હતું કે જો ફિલ્મમાં રાષ્ટ્રમાતા પદ્માવતીને અપમાનિત કરતાં દ્રશ્યો હશે તો મધ્યપ્રદેશનમાં તેને પ્રદર્શનની પરવાનગી નહીં અપાય.ઇતિહાસ સાથે છેડછાડ કરીને રાષ્ટ્રમાતા પદ્માવતીના સન્માન વિરુધ્ધના દ્રશ્યો ફિલ્મમાં હશે તો તેને મધ્યપ્રદેશની ધરતી પર પરવાનગી નહીં અપાય.પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહે કહ્યુ હતું કે પદ્માવતીના પ્રદર્શન પર રોક લગાવવાની જાહેરાત કરતાં કહ્યુ હતું કે ઇતિહાસ સાથે ચેડા સહન કરી શકાશે નહીં.વિરોધ પ્રદર્શન કરનારા યોગ્ય જ કરી રહ્યા છે.પંજાબમાં ફિલ્મ પર પ્રતિબંધ લાદી દેવાયો છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ કહ્યુ હતું કે હું ભાજપની અસહિષ્ણુતાની સંસ્કૃતિની નિંદા કરુ છું.સમગ્ર કર્ણાટક દીપીકા પદુકોણના સમર્થનમાં ઊભુ છે.દિપીકા અમારા રાજ્યની વિશ્વપ્રસિધ્ધ કલાકાર છે.જ્યારે જાણીતા બોલવુડના લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે કહ્યુ હતું કેઆ રાજપુતો-રજવાડાઓ અંગ્રેજો સામે ક્યારેય લડ્યા નહોતા અને હવે રસ્તા પર ઉતરી આવ્યા છે.૨૦૦ વર્ષ સુધી તેઓ અંગ્રેજોના દરબારમાં ઊભા રહ્યા હતા. અને હવે રાજા હોવાની વાતો કરે છે.

આ ફિલ્મની અભિનેત્રી દીપિકા પદુકોણ આ વિવાદને કારણે ગ્લોબલ એન્ટ્રપ્રિન્યોરશિપ સમિટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.આ સમિટમાં હાજરી આપવા માટે અમેરીકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઇવાન્કા ખાસ હાજર રહેશે.વડાપ્રધાન મોદીએ તેમની અમેરિકા મુલાકાત દરમિયાન ઇવાન્કાને આવવાનું આમંત્રણ આપ્યુ હતું.તેલંગાણા સરકારના અધિકારીએ કહ્યુ હતું કે દીપીકાએ આ ઇવેન્ટમાંથી તેનું નામ પાછું ખેચી લીધું છે.અગાઉ તેણે આ કાર્યક્રમમાં હાજરી આપવાની સંમતિ આપી હતી.આખરે ૧ ડિસેમ્બરે ફિલ્મ રીલીઝ કરવાની હતી તે ભણસાલીએ પાછી ઠેલી છે.ખેર, આ પહેલાં પદ્મામતી રાણી ઉપર ત્રણ ફિલ્મો બની ચુકી છે અને તેનો કોઇ વિરોધ થયો નહોતો.પરંતુ આ વખતે તેનો વિરોધ જે રીતે થઇ રહ્યો છે તેના પરથી એવું લાગી રહ્યુ છે કે સમગ્ર ઘટના પાછળ રાજકીય ચંચુપાત અસ્તિત્વ ધરાવે છે અને બોલિવુડને પોતાના સકંજામાં લેવા માંગે છે.

## લખાણવાળી નોટ પર બેન્કોએ સ્વીકારવી પડે : રિઝર્વ બેન્કનો આદેશ

કોઇપણ બેન્ક રુ.૫૦૦ અને રુ.૨૦૦૦ની એવી નોટ લેવાનો ઇન્કાર ન કરી શકે જેના પર કંઇ લખાયેલું હોય.જોકે,આવી લખાણયુક્ત નોટોને બેન્કમાં બદલી શકાશે નહીં પરંતુ આ નોટો માત્ર જે તે વ્યક્તિના ખાતામાં જમા થઇ શકશે. આરબીઆઇના અધિકારીઓએ આ જાણકારી આપી છે.આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળામાં રિઝર્વ બેન્ક આર્થિક સાક્ષરતા અંતર્ગત મુલાકાતીઓને જાગૃત કરી રહી છે. નવી નોટોની વિશેષતાઓ સહિત લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે.આ સાથે તેઓને ડીજીટલ માધ્યમ સાથે જોડાવા માટે પણ પ્રોત્સાહિત કરાઇ રહ્યા છે.આરબીઆઇના અધિકારીઓએ કહ્યુ હતું કે કેન્દ્રીય બેન્ક અગાઉ પણ આ મામમે ભ્રમ દુર કરી ચુકી છે.

**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે**
**ડિઝાઇનર કાર મળશે**
**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**
**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી ,**
**મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ૨૦૧૯માં મોદીને હરાવવા માટે વિપક્ષ સંયુક્ત ઉમેદવારને મેદાનમાં ઉતારે : અરુણ શૌરી

ભાજપના સીનીયર અને એનડીએની બાજપેયી સરકારમાં મંત્રી રહી ચુકેલા અરુણ શૌરીએ જણાવ્યુ હતું કે ભાજપ અને નરેન્દ્ર મોદીને હરાવવા તમામ વિપક્ષો એક જુથ થવું પડશે. ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં વિપક્ષે ભાજપના ઉમેદવાર સામે સર્વસંમતી સાધી સંયુક્ત ઉમેદવાર ઉભો રાખવો જોઇએ. શૌરીએ જણાવ્યુ હતું કે ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં ભાજપને ફક્ત ૩૧ ટકા મત મળ્યા હતા.બાકીના ૬૯ ટકા મત અલગ અલગ પાર્ટીના ઉમેદવારોને મળ્યા હતા.અરુણ શૌરીએ કહ્યુ હતું કે જો તમે ખરેખર માનો છો કે દેશ જોખમમાં છે તો તમારે એકજુથ થવું પડશે.જે લોકો દેશને ડેન્જર ઝોનમાં લઇ જઇ રહ્યા છે તેમની સામે વિપક્ષે એક સંયુક્ત ઉમેદવાર ઊતારવો પડશે. તેના માટે વિપક્ષે એક કોમન મિનિમમ પ્રોગ્રામ નક્કી કરવો પડશે.

અરુણ શૌરીએ જણાવ્યુ હતું કે મુડીઝ જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓના રેટિંગ શાળાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા રિપોર્ટ જેવા હોય છે. આર્થિક નીતિના ઘડવૈયાઓએ આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા અપાતા હકારાત્મક અને નકારાત્મક રેટિંગ પ્રત્યે ધ્યાન આપવું જોઇએ નહીં.મોદી સરકારની નીતિ ઘડવૈયાઓમાં અર્થતંત્રમાં સુધારા માટે જરુરી દષ્ટીકોણ જ નથી. મે વિશ્વબેન્કમાં નવ વર્ષ સુધી કામ કર્યુ છે. ભારતને વિશ્વબેન્ક કે આઇએમએફની લોનની જરુર પડતી તી તે સમય હવે ભુતકાળ બની ગયો છે.મુડીઝ અને વિશ્વબેન્કના રેટિંગ પર શૌરીએ જણાવ્યુ હતું કે સરકાર સમગ્ર સિસ્ટમ સાથે રમત રમી રહી છે.

## કર્ણાટકમાં મળેલી ધર્મ સંસદમાં સ્વામી ગોવિંદે હિંદુઓને ૪ બાળકો પેદા કરવાની સલાહ આપી

કર્ણાટકના ઉડીપીમાં ચાલી રહેલી ધર્મ સંસદમાં સ્વામી ગોવિંદ દેવ ગીરીજી મહારાજે હિંદુઓને કેટલા બાળકો પેદા કરવા તેની સલાહ આપતાં કહ્યુ હતું કે સમાન નાગરિક સંહિતા (યુનિફોર્મ સીવીલ કોડ)નો અમલ થાય ત્યાં સુધી હિંદુઓને ઓછામાં ઓછા ચાર બાળકો પેદા કરવા જોઇએ.

તેમણે કહ્યુ હતું કે સરકાર અત્યારે બે બાળકો પર ભાર મુકી રહી છે. પરંતુ જ્યાં સુધી સમાન સીવીલ કોડ અમલ ન થાય ત્યાં સુધી હિંદુઓએ ઓછામાં ઓછા ચાર બાળકો પેદા કરવા જોઇએ. જે વિસ્તારમાં હિંદુઓની વસતી ઓછી થઇ છે અને તેમાંથી કેટલાય વિસ્તાર ભારતે ગુમાવી દીધા છે.

તેમણે આવું એટલા માટે કહ્યુ હતુંકે જનાકિકીય અસંતુલન પર લગામ લગાવી શકાય.જે વિસ્તારમાં હિંદુઓની વસ્તી ઓછી થઇ છે તે વિસ્તાર ભારતે ગુમાવી દીધા છે.જેથી જનાંનકિકીય અસંતુલન પેદા થયું છે. એ માટે બે બાળકોની નીતિ ફક્ત હિંદુઓ માટે જ સીમીત રહેવી જોઇએ નહીં. હરિદ્વાર સ્થિત ભારત માતા મંદિરના સ્વામી ગિરજા મહારાજે આ ક્હયુ હતું.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## પદ્માવતી ફિલ્મ બાબતે ટિપ્પણી કરતા નેતાઓ સામે સુપ્રીમ કોર્ટે નારાજગી દેખાડી

સુપ્રીમ કોર્ટે ફિલ્મ પદ્માવતી સામે એલફેલ બોલનારા ઉચ્ચ હોદ્દા પરની વ્યક્તિઓ સામે વાંધો લીધો હતો.ખાસ કરીને રાજ્યોના મુખ્યમંત્રીઓ અને રાજકીય નેતાઓ દ્વારા થઇ રહેલા નિવેદનો સામે સુપ્રીમે વાંધો લીધો હતો.સુપ્રીમ કહ્યુ છે કે હાલમાં સેન્સર બોર્ડ હજુ સુધી ફિલ્મને સર્ટી.આપ્યું નથી. તે પહેલાં જ તે અંગેની ટિપ્પણી ફિલ્મ માટે આગાઉથી જ નિર્ણય લેઇ જવા જેવું છે.તેણે વિદેશમાં ફિલ્મ રીલીઝ નહિં કરવા દેવાની માંગણી કરતી અરજી નકારી કાઢી હતી.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની બેન્ચે આવી ટકોર બાદ આવો ચુકાદો આપ્યો હતો. વકીલ એમ.એલ.શર્માએ માનહાની અને સિનેમાટોગ્રાફી એકટના ભંગ સહિત વિવિધ ગુનાઓ બદલ ડિરેકટર સંજય ભળસાલી અને અન્યો સામે સીબીઆઇ કેસ નોંધે તેવી સુચનાની પણ કોર્ટ સમક્ષ માંગણી કરી હતી. બેન્ચે શર્માની તેની નવી પીટીશનની માંગણીને ગેરસમજભરી ગણાવી હતી.

કોર્ટે કહ્યુ હતું કે જે ફિલ્મને સીબીએફસીનું સર્ટિફિકેશન ન મળ્યુ હોય તે અંગે અગાઉથી કંઇ પણ કહી શકાય નહીં. જો કે કોર્ટે શર્માને કોઇ દંડ ફટકાર્યો ન હતો.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ભાજપ શાસિત પાંચ રાજ્યોના મુખ્યમંત્રીઓ ફિલ્મના વિરોધમાં બોલી ગયા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વાત કરીને ગુજરાતે સૌ પહેલાં એક જાહેરનામુ બહાર પાડ્યું છે. રાજપુતોની લાગણીને ઠેસ પહોચે તેવા કથિત કન્ટેન્ટ ધરાવતી ફિલ્મ પધ્માવતી નો દેશભરમાં વિરોધ થઇ રહ્યો છે.

## સ્કુલના વિદ્યાર્થીઓમાં દેશભક્તિ જગાવવા રાજસ્થાનમાં રાષ્ટ્રગાન ગાવાનું ફરજીયાત બનાવાયું

રાજસ્થાન સરકારે હવે સ્કુલના વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જગાવવા માટે હોસ્ટેલોમાં રાષ્ટ્રગાન અનિવાર્ય કર્યુ છે. રાજસ્થાન સામાજિક ન્યાય તેમજ અધીકારિતા વિભાગે, ઓબીસી,એસસી તથા એસટીની તમામ ૭૮૯ હોસ્ટેલોમાં રાષ્ટ્રગાન ગાવાનો નિર્દેશ આપ્યો છે.આ પગલાંને કારણે વિવાદ સર્જાયો છે.નિર્દેશ અનુસાર તમામ હોસ્ટેલોમાં સવારે ૭ વાગે રાષ્ટ્રગાન ગાવું ફરજીયાત છે.સરકારે જારી કરેલા એક નિવેદન અનુસાર તમામ આવાસીય સ્કુલોમાં રાષ્ટગાન ફરજીયાત હશે.આ પરંપરા હોસ્ટેલોમાં પણ જાળવવાની રહેશે.નિર્દેશ પ્રમાણ તેનો અમલ તાત્કાલિક થયો છે.

## મધ્યપ્રદેશમાં સ્કુલોમાં દેશભક્તિની નવી ફોર્મ્યુલા' જયહિંદ' નો આદેશ

મધ્યપ્રદેશની સ્કુલોમાં દેશભક્તિમાં વિદ્યાર્થીઓને તરબોળ કરી દેવાની નવી તરકીબ શિક્ષણમંત્રીએ શોધી કાઢી છે.શિક્ષણમંત્રીએ આદેશ આપ્યો છે કે હવે રાજ્યની તમામ સરકારી સ્કુલોમાં વિદ્યાર્થીઓએ હાજરી પુરવામાં આવે ત્યારે યસ સર, કે યસ મેડમ બોલવાના બદલે જયહિંદ બોલવાનું રહેશે.મંત્રીના આ ફરમાન પર વિપક્ષે શિવરાજની સરકાર પર પ્રહારો કર્યા હતા.

શિક્ષણમંત્રી વિજય શાહે રાજધાની ભોપાલમાં શોર્ય સ્મારક ખાતે ૬૯માં એનસીસી ડે નિમિત્તે આ ઘોષણા કરી હતી. તેમના આ આદેશ પછી હવે મધ્યપ્રદેશની તમામ ૧.૨૨.૦૦૦ સરકારી સ્કુલોના વિદ્યાર્થીઓએ હવે હાજરી વખતે યસ સર કે યસ મેડમના બદલે જયહિંદ બોલવાનું રહેશે. વિજય શાહે કહ્યુ હતું કે પ્રાઇવેટ સ્કુલોને પણ આ મામલે એડવાઇઝરી જારી કરવામાં આવશે.આ ફરમાન દેશભક્તિની ભાવના જગાવવા માટે કરાયું છે.અગાઉ સતના જિલ્લામાં ૧ ઓક્ટો.થી પ્રયોગ રુપે સ્કુલોમાં આ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. તેના પછી મંત્રીએ હવે સમગ્ર રાજ્યમાં તે લાગુ કરવા માટેનું એલાન કર્યુ છે.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ધોડીને છત્રીસ દાંત હોય છે.

ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.

જીરાફની જીભ ૨૧ ઇંચ લાબી હોય છે.

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યુ પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.

માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઇ ધરાવે છે.


**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.